ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# સિવિલમાં નવી ચાર એમ્બ્યુલન્સ

## સિવિલમાં ૧૨ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં હાજર

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર સિવિલ અત્યાર સુધી સિવિલમાં ૮ એમ્બ્યુલન્સ હતી તેમા વધારો થતા તંત્ર દ્વારા કિલોમીટર પૂર્ણ થઈ ગઈ હોય તેવી એમ્બ્યુલન્સને ભંગાર



હોસ્પિટલમાં નવી નક્કોર ચાર એમ્બ્યુલન્સ લાવવામાં આવી છે. દર્દીઓને આરોગ્યલક્ષી સેવા ઝડપી મળી રહેશે. જયારે સિવિલ ગણી દુર કરવામાં આવશે.

પાટનગર મેડીકલ કોલેજને પગલે દર્દીઓનો ધસારો વધી જવા પામ્યો છે. રોજના ઓપીડીમાં એક હજારથી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. તો બીજીતરફ સિવિલનો તાત્કાલીક વિભાગ હંમેશા ધમધમતો રહે છે. જિલ્લા સહિત આસપાસના જિલ્લામાંથી પણ દર્દીઓ ગાંધીનગર સારવાર માટે આવે છે.જયારે ઈજાગ્રસ્ત દર્દીઓને વધુ સારવાર માટે રીફર કરવામાં આવે છે ત્યારે કેટલીક વાર એમ્બ્યુલન્સને લઈ થોડી રાહ જોવી પડતી હતી. પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શુક્રવારના રોજ ચાર નવીન એમ્બ્યુલન્સ આવી છે. વિવિધ ગ્રાન્ટમાંથી સિવિલ હોસ્પિટલને એમ્બ્યુલન્સની ભેટ મળી છે. ત્યારે આજે સિવિલ હોસ્પિટલ ખાતે ત્રણ મઝદા એમ્બ્યુલન્સ અને એક વિન્ગર એમ્બ્યુલન્સનો સમાવેશ થાય છે. જયારે હાલ સિવિલ તંત્ર પાસે ૩ આઈસીયુ ઓન વ્હીલ, બે મારુતી, એક ઈકો, એક મઝદા, ફોર્સ સહિતની એમ્બ્યુલન્સ દર્દીઓની સેવા માટે કાર્યરત છે. તેમ છતા દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે અન્ય એમ્બ્યુલ્સની જરુરીયાત ઉભી થઈ હતી. જયારે જે એમ્બ્યુલન્સ કાર્યરત છે તેના કિલોમીટર પૂર્ણ થઈ જવા પામ્યા છે. જેથી ગમે તે સમયે માર્ગ વચાળે ઉભી રહેતા દર્દીઓને હેરાન પરેશાન થવુ પડે છે. જયારે કેટલીકવાર એમ્બ્યુલન્સ ન હોવાથી દર્દીઓના સગા અને સિવિલ સ્ટાફ વચ્ચે મારામારીના દ્રશ્યો પણ સર્જાયા છે.ત્યારે સિવિલમાં આવતા ઈજાગ્રસ્ત દર્દીઓને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવે છે. ત્યારે એમ્બ્યુલન્સ હોવાથી દર્દીઓને સરળતાથી ઝડપી સેવા મળી રહેશે.

## ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪
ગાંધી મિત્ર વર્તુળની મે માસની બેઠક તા. ૨૫ મે ના રોજ સાંજે ૫ કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાને ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી સે. ૨૨ ખાતે યોજાશે.
ગાંધી ૧૫૦ નિમિત્તે ગાંધી સાહિત્યનું વાંચન તેમજ આગામી કાર્યક્રમનું આયોજન કરાશે. સૌ ગાંધી મિત્રો તથા ભાવિકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

## સેક્ટર-૫ વસાહત મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪
વસાહત મંડળ સેક્ટર-૫ની જનરલ બેઠક પ્રમુખ કેસરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વસાહત મંડળ આયોજીત કાર્યક્રમોના ખર્ચ અને હિસાબો રજુ કરવામાં આવ્યા હતા અને સેક્ટર-૫ના પડતર પ્રશ્નો જેવા કે જાહેર બગીચાના વિકાસ, પાણીનો ફોર્સ વધારી વર્ષો જૂની કટાઈ ગયેલી પાઈપો બદલાવવી, સે. ૫ સીએનજી પેટ્રોલ પંપ પાસે વધતી ઝુંપડપટ્ટી અને આજુબાજુના વધારાના નડતર પ્રશ્નોને હલ કરવા, સે. ૫ સરકારી દવાખાનુ ચાલુ કરી ઓ.પી.ડી. શરૂ કરવી, ખોડીયાર મંદિર સામેની વર્ષો જુની ઝુંપડપટ્ટીઓ દૂર કરવી, સે. ૫ ના જાહેર રોડ તથા આંતરિક વસાહતોની સ્ટ્રીટલાઈટ ચાલુ કરવી, સે. ૫ ખ-રોડ અને ખ-૩ ચોકડી પાસે નવુ બસસ્ટેન્ડ બનાવવુ જેવા પ્રશ્નોની ચર્ચા કરી સરકારમાં રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કેસરીસિંહ બિહોલા, નરેશભાઈ પરમાર, વાસુદેવભાઈ સુથાર, ઘનશ્યામસિંહ ગોલ, સાગરદાન ગઢવી, જે.જે. ત્રિવેદી તથા સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

## તાજા જન્મેલા બિલાડીના બચ્ચાઓનું મુક્તિધામ ખાતે બચાવ કાર્ય..!!



ગાંધીનગરના મુક્તિધામ ખાતે અબોલ પ્રાણીઓને સંકટ સમયે સારવાર સુષુશ્રા પુરી પાડી તેમનુ જીવન બચાવવાનું જીવદયાનું કાર્ય કરવામાં આવે છે. ગુરૂવારે એક બિલાડી બચ્ચાઓને જન્મ આપી મોત થતા નિરાધાર થયેલા બિલાડીના ૩ બચ્ચાંઓને મુક્તિધામના સ્ટાફે રેસ્ક્યુ કરી મુક્તિધામ ખાતે લાવી દૂધ પીવડાવવા સાથે ઉછેરવાની જવાબદારી ઉપાડવામાં આવી છે. જીવદયાના આ ઉત્તમ કાર્યમાં મુક્તિધામના મેનેજર કિરણસિંહ વાઘેલા, ઈશ્વર ઠાકોર તથા શૈલેષભાઈ દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

## અનુસૂચિત જાતિ પરના અત્યાચાર માટે ડેમોક્રેટિક પીપલ્સની રજુઆત

ગાંધીનગર, તા. ૨૪
ડેમોક્રેટિક પિપલ્સ એસોસીએશનની ગાંધીનગરની કારોબારી બેઠક બી.પી. પરમારના અધ્યક્ષસ્થાને મળેલ હતી.
ઉત્તર ગુજરાતમાં કેટલીક જગ્યાએ અનુસૂચિત જાતિના લોકોના વરઘોડાને જે તે ગામની અન્ય જાતિના સવર્ણોએ અટકાવીને અત્યાચાર ને તંગદિલી ઉભી કરીને આઘાતજનક ધૃણાસ્પદ કૃત્યો કરેલ હતા. જે મુળભૂત હક્કનો ભંગ થયેલ છે. માનવ અધિકાર આયોગને રજુઆત કરીને દોષિતોને શિક્ષા કરવા માટે કાર્યવાહી કરે.
ગુજરાત રાજ્યમાં બિન અનામત તથા ભારત સરકારના કાયદા અન્વયે સવર્ણ ગરિબોને ૧૦ ટકા અનામત માટેની આવક મર્યાદા વાર્ષિક ૮ લાખ રૂપિયા નક્કી કરી છે જ્યારે અનુ. સૂચિત જાતિની શૈક્ષણિક યોજનાઓ માટેની લાયકાત વાલીની વાર્ષિક આવર રૂપિયા ૬૦,૦૦૦ થી ૨ લાખ જે અન્યાયપૂર્ણ અને દેશના બંધારણની ભાવનાથી તદન વિપરીત હોઈ સંપૂર્ણપણે આવક મર્યાદા નાબુદ કરવા મુખ્યમંત્રીને રજૂઆત કરવાનું ઠરાવ્યું છે.

## સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે સ્કુબા ડાઈવીંગ અને પેરા મોટરીંગની તાલીમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તથા દિરંગ ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેન્કરીંગ એન્ડ એલાઈડ સ્પોર્ટ્સના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના યુવાનો માટે સ્કુબા ડાઈવીંગ તેમજ પેરા મોટરીંગ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્કુબા ડાઈવીંગ માટે કુલ ૬ બેચ અને પેરામોટરીંગ માટે કુલ ત્રણ બેચ યોજાશે. સ્કુબા ડાઈવીંગની પ્રત્યેક બેચમાં ૧૨ તાલીમાર્થીઓ રહેશે અને બેચનો સમયગાળો ૪ દિવસનો રહેશે જયારે પેરા મોટરીંગમાં પ્રત્યેક બેચમાં ૨૦ તાલીમાર્થીઓ રહેશે જેમની તાલીમનો સમયગાળો ૧૦ દિવસનો રહેશે.
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્પેશિયલ કોન્ફાઈન્ડ સ્કુબા ડાઈવીંગ કોર્સ (સ્વીમીંગ પુલ)ની પ્રથમ બેચ તા. ૨૭ મે થી, દ્વિતીય બેચ તા. ૨ જુનથી, ત્રીજી બેચ તા. ૮ જુનથી, ચોથી બેચ તા. ૧૪ જુનથી, પાંચમી બેચ તા. ૨૦ જુનથી અને છઠ્ઠી બેચ તા. ૨૬મી જુનથી પ્રારંભ થશે.
સ્પેશિયલ પેરામોટરીંગ (વિન્ચ લોન્ચ) કોર્સની પ્રથમ બેચ તા. ૨૭ મે, દ્વિતિય બેચ તા. ૮ જુન અને ત્રીજી બેચ તા. ૨૦ જુનથી શરૂ થશે. બન્ને કોર્સ અંગેની વિગતો, એપ્લીકેશન ફોર્મ, મેડીકલ ફોર્મ તેમજ ફી અંગેની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અથવા યુનિવર્સિટી ઓફિસથી કામના દિવસોમાં સવારે ૧૧ થી સાંજના ૫ કલાક દરમ્યાન મેળવી શકાશે. આ ઉપરાંત તાલીમાર્થી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એન્ડવેન્ચર સ્પોર્ટ્સ એન્ડ યુથ અફેર્સનો ફોન નં. ૨૩૨-૮૮૩૬૫ પર સંપર્ક સાંધી શકાશે.

## પ્રભુપુરા ગામે જુગાર રમતા ૪ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪
ડભોડા પોલીસ મથકના જવાનો પોતના પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.ગે.કો. વિશાલસિંહ બબસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પ્રભુપુરા ગામે ઠાકોર વાસ પાછળ ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર રેઈડ કરતા જાલમજી વિરમજી ઠાકોર રહે.મોટી આદરજ, દિનેશજી શનાજી ઠાકોર ઉં.વ.૩૩ રહે.આદરજ મોટી કલ્યાણજીનું પરૂ, વિષ્ણુજી માધાજી ઠાકોર ઉં.વ.૩૩ રહે. આદર મોટી કલ્યાણજીનું પરૂ, કાંતિજી ગલાજી ઠાકોર ઉં.વ.૪૫, રહે. આદરજ મોટી કલ્યાણજીનું પરૂ, ને પકડી પાડી રોકડ રૂ. ૧૦,૬૩૦ તેમજ ગંજી પાના રૂ.૦૦ તેમજ કુલ રૂ.૧૦,૬૩૦ નો મુદ્દામાલ પકડી પાડી ડભોડા પોલીસે કાયદેસરી કાર્યવાહી હાથ ધરી છે.

## કૈલાસ માનસરોવરના યાત્રાનો મેડિકલ જોગ

ગાંધીનગર, તા. ૨૪
કૈલાસ માનસરોવર સમિતિ દ્વારા યોજાયેલ યાત્રામાં ડ્રો માં પસંદગી પામેલ અને ખાનગી રાહે માનસરોવરની યાત્રાએ જનાર દરેક યાત્રીઓને દિલ્હીના મેડિકલ કેમ્પમાં તકલીફ ન પડે તે માટે સંસ્થા દ્વારા મેડિકલ ચેકઅપનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા તા. ૩૦ મે સુધીમાં તેમના નામ અને ફોન નં. કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર મો. ૯૪૨૭૪૧૯૦૧૨ પર નોંધાવવા જણાવાયું છે.

## શેરથા પાસે બે બાઈક સામ-સામે અથડાતા આધેડનુ મૃત્યું

ગાંધીનગર, તા.૨૪
ગાંધીનગર નજીક આવેલા શેરથા ગામ હાઈ-વે પાસે મરચાની ખળી પાસે ગતરોજ સાંજના સુમારે બે બાઈક સામસામે ટકરાતા કલોલના આધેડનું મૃત્યું નિપજ્યું છે. જયારે સામેના બાઈક ચાલક કલોલ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. મૃતકના દિકરાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.
પોલીસ પાસેથી મળતી વિગત મજુબ કલોલ પંચવટી વિસ્તાર, સ્વામીનારાયણ મંદિર પાસે આવેલી ભીમનાથ સોસાયટી બી-૭ ખાતે વસંતભાઈ ભલાભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. અને ઉવારસદ ખાતે એન.વી.ઈંટના ભઠ્ઠા ખાતે મેનેજર તરીકે ફરજ બજાવે છે. ઉવારસદથી કલોલ ઘરે આવન-જાવન માટે તેઓ બજાજ ડીસ્કવર બાઈક નં. જી.જે.૧૮.એ.પી.-૬૨૧૨ નો ઉપયોગ કરતા હતા. ગત રોજ તેઓ ઉવારસદ ઈંટના ભઠ્ઠાથી કલોલ ઘરે જવા માટે નીકળ્યા હતા.તે દરમિયાન શેરથા ગામ પાસે આવેલી મરચાની ખળી પાસે સાંજના સુમારે સામેથી આવી રહેલા બાઈક નં. જી.જે.૧૮.સી.કે.૨૦૧૮ ના ચાલકે પુરઝડપે ગફલત ભરી રીતે હંકારતા બે બાઈક સામસામે ટકરાયા હતા.આ અકસ્માતમાં બંન્ને જણાને ઈજાઓ પહોંચી હતી. માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન તેમનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે મૃતકના પુત્રએ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગર્ભ સંસ્કાર શિબિરનું ૨૬મીએ નિ:શુલ્ક આયોજન

ગાંધીનગર, તા. ૨૪
નવ પરિણિત યુગલો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય જાગૃત નાગરિકોને ગર્ભ સંસ્કાર પ્રક્રિયા બાબતે વિશેષ માહિતી તથા આવસ્યક માહિતી માટે સ્વત્વ યોગા સ્ટુડિયો દ્વારા તા. ૨૬મી મે ના રોજ સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધી નિ:શુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. શિબિરનો લાભ લેવા માટે માસ્ટર કોચ યોગાચાર્ય કુ. આનલ રાવલ દ્વારા જણાવેલ છે. રજિસ્ટ્રેશન તથા વિશેષ માહિતી માટે મો. ૮૯૮૦૮૩૫૦૧૧ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ચાલતા શિષ્યવૃતિ કૌંભાડ અંગે સમાજ કલ્યાણ અધિકારીને આવેદન પત્ર

ગાંધીનગર, તા.૨૪
રાજયભરની સ્વનિર્ભર ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં છેલ્લા સાત વર્ષોથી કરોડો રૂપીયાનું શિષ્યવૃતિ કૌંભાડ ચાલી રહ્યું છે. તે ઉપરાંત એસ.સી.વિદ્યાર્થીઓના જરુરી દસ્તાવેજના આધારે કોલેજ દ્વારા ગેરકાયદેસર એડમીશન કરી ખોટા બેંક ખાતા ખોલી કેટલાક અધિકારીઓની મીઠી નજર હેઠળ સરકારી કરોડો રૂપીયાની શિષ્યવૃતિની ગ્રાંટ ચાઉ થઈ જાય છે. ત્યારે કૌંભાડી કોલેજોમાં જઈ યોગ્ય અને ન્યાયીક સ્થળ ચકાસણી કરવા એનએસયુઆઈ દ્વારા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. જો તંત્ર દ્વારા યોગ્ય કરવા કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.
એનએસયુઆઈ ગુજરાત પ્રદેશ મહામંત્રી અમિત પારેખ જણાવે છે કે સરકારના કરોડો રૂપીયા ચાઉં કરી જનારી સંસ્થાઓની ન્યાયીક સ્થળ તપાસણી, વિદ્યાર્થીઓની હાજરી, વિદ્યાર્થીઓની યુનિવર્સિટી પરિક્ષાની હાજરી અયોગ્ય બેંકના



ખાતાઓની તપાસ, ભુતીયા હોસ્ટેલની તપાસ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કરવામાં આવે તે તાતી જરુરીયાત ઉભી થવા પામી છે. સંસ્થાઓ માત્ર એસસી વિદ્યાર્થીઓના દસ્તાવેજ લઈ બેંક જોડે જાતે જ ખાતા ખોલાવી શિષ્યવૃતિનું ફોર્મ ભરી ચેકમાં ખોટી સહી કરી સરકાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃતિના રૂપીયા ચાઉ થઈ જાય છે. શિષ્યવૃતિના નાણા બારોબાર ઉભા કરવા માટે રીતસરનું કૌંભાડ ચાલી રહ્યું છે. આવી અનેક કોલેજોને ખુલ્લી પાડી સરકારના પૈસાનું ઉઘરાણુ કરતા સામે કડક કાર્યવાહી થાય. જયારે શિષ્યવૃતિના નાણા વિદ્યાર્થીઓને અપાવી ન્યાય મળે તેવી લાગણી અને માંગણી એનએસયુઆઈ દ્વારા કરવામાં આવી છે. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## ગજ્જર સુથાર સમાજનો ૧૩મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૪
ગજ્જર સથાર સમાજ ગુજરાતના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીએ જણાવેલ છે કે ટુંક સમયમાં ૧૩મો સમુહ લગ્નોત્સવ યોજાનાર છે.
સમુહલગ્નમાં જોડાવા ઈચ્છતા મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર યુવક-યુવતીઓને સાત ફેરા કુમકુમ પગલાં તથા કુંવરબાઈનું મામેરાની સરકારી સહાયના ચેક, તેમજ સ્થળ પર જ લગ્ન નોંધણી પ્રમાણપત્ર પણ એનાયત કરવાના હોવાથી સાધનિક પુરાવાના કાગળો રજુ કરવા જણાવેલ છે. ફોર્મ મેળવીને જરૂરી વિગતો ભરવાની રહેશે.
જુનીયર કે.જી.થી અનુસ્નાતકના ગત વર્ષની માર્કશીટ, નામ, સરનામુ, મોબાઈલ નંબર લખી કાર્યાલયમાં મોકલી આપવા જણાવેલ છે.
કન્વીનર કાંતિભાઈ મિસ્ત્રી ડભાસા, સહ-કન્વીનર નરસિંહભાઈ સુથાર તથા લગ્ન નોંધણી અંગે ગુજરાત સુથાર સમાજ, મરીમાતાનો ખાંચો, અગ્નિશાંતી કેન્દ્ર સામે, દાંડીયા બજાર ચાર રસ્તા, વડોદરાનો રૂબરૂ કે ફોન નં. ૦૨૬૫-૨૪૧૬૧૬૧ ઉપર સંપર્ક સાધી શકાશે.

## સેક્ટર-૩ ખાતેથી અજાણ્યો શખ્સ રૂ.૨૧ હજારની મત્તા લુંટી ફરાર

ગાંધીનગર, તા.૨૪
તાજેતરમાં અડાલજ ખાતે રાત્રીના સમયે શાંતીથી બેસી રહેલા બે યુવકો પાસેથી મોબાઈલ લુંટી લેવાયો હતો. ત્યારે સેક્ટર-૩ હનુમાનજી મંદિર પાસે એક માસ પહેલા જ આ પ્રકારે મોબાઈલ, પૈસા સહિત રૂ.૨૧ હજારની મત્તાની લુંટ થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે.માણસા તાલુકાના તખતપુરા ગામનો યુવક વિશાલ જેણાજી ઠાકોર ગત તા.૨૪ એપ્રિલના રોજ પોતાના મિત્ર વનરાજ ઠાકોર સાથે ગાંધીનગર એકટીવા લઈને આવ્યો હતો. ત્યારે બપોરના સુમારે ઈન્ફોસીટીથી ઘરે જતા સેકટર-૩ માં આવેલા મંદિર પાસે રોડની સાઈડમાં એકટીવા પાર્ક કરીને લિમડાના વૃક્ષ નીચે ઉભો હતો. આ સમયે ૨૫ થી ૨૭ વર્ષનો એક બાઈક ચાલક યુવાને આવીને બંનેનું નામ પુછવા લાગ્યો હતો. યુવાનોએ તેનો જવાબ ન આપતા તેણે મારવાની ધમકી આપીને વિશાલ પાસેનો રૂ૧૨ હજારની કિંમતનો મોબાઈલ , વનરાજે પહેરેલ ચાંદીનું કડું અને રૂ.૩ હજાર રૂપીયા રોકડા લુંટી લીધા હતા.રૂ.૨૧ હજારની મત્તાની લુંટની જાણ બંન્ને યુવકોએ ઘરે કરી ન હતી. પરંતુ આ ઘટનાની યુવકના ઘરે ખબર પડતા વિશાલ ઠાકોરે ફરીયાદ નોંધાવી છે. જેને પગલે સેકટર-૭ પોલીસે લુંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ચિલોડા ખાતે નવચંડી યજ્ઞનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ચાલુ સાલે ચૈત્રમાસના પ્રારંભથી ગામના મુખ્ય ચોક પાસેના દેવ-દેવીના ધાર્મિક સ્થળોએ ભાવિક ભક્તજનો દ્વારા વિશેષ નવચંડી યજ્ઞ-હવન જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ગ્રામજનો ધાર્મિક ધન્યતા અનુભવી રહ્યાં છે. ત્યારે ચિલોડાના નિવાસી પૈવેયા વસંતી દે રેખા દે ઉર્ફે ચકુમાસીના નવીન મકાનના વાસ્તુ અને નવચંડી યજ્ઞનું ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિલોડા ગામના અગ્રણીઓ તેમજ દરેક સમાજના આગેવાનો સહિત સમગ્ર ગ્રામજનોએ યજ્ઞની અંતિમ વિધિ બાદ મહાપ્રસાદનો સામુહિક લાભ લીધો હતો.

## ગાંધીનગરના ટેબલ ટેનિસ ખેલાડીઓનો ૨૭મીએ સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર જિલ્લામાં વસતા ટેબલ ટેનિસ રમતા ખેલાડીઓ કે જેમણે રાજય કે રાષ્ટ્રીય સ્તરે ટેબિલ ટેનિસની વિવિધ સ્પર્ધાઓમાં સિધ્ધિઓ હાંસલ કરી છે. તેમને સન્માનિત કરવા માટે ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ ગાંધીનગર દ્વારા આગામી તા ૨૭ મેં સોમવારના રોજ સાંજે ૬ : ૩૦ કલાકે સે-૨૧ સચિવાલય જિમખાના ખાતે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.
શહેરમાં ટેબલ ટેનિસ રમતા ખેલાડીઓની સંખ્યા નોંધપાત્ર છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડીસાંજે નિયમિત રીતે સેક્ટર-૨૧ જીમાખાના ખાતે ટેબલ ટેનિસ ખેલાડીઓ પહોંચતા હોય છે.

## સુરત દુર્ઘટનામાં મૃતકોના પરિવારોને ૪ લાખની સહાય આપવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૪
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૂરતમાં સરથાણામાં ટયૂશન કલાસમાં લાગેલી આગની દૂર્ઘટનાની સંપૂર્ણ તાત્કાલિક તપાસ માટે રાજ્યના શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી મૂકેશ પૂરીને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ માટેના આદેશો આપ્યા છે.
મુખ્યમંત્રીશ્રીએ આ આગ લાગવાની ઘટનાના કારણો, ફાયર બ્રિગેડની કામગીરી, આગ લાગેલી બિલ્ડીંગની જરૂરી પરવાનગી-મંજૂરીઓ તથા મહાનગરપાલિકા, ફાયર બ્રિગેડની બચાવ કામગીરીની તત્પરતા વગેરેની સંપુર્ણ તપાસ સ્થળ પર જઈને કરવા તથા ૩ દિવસમાં અહેવાલ આપવા પણ શહેરી વિકાસ અગ્ર સચિવને સુચવ્યું છે.
મુખ્યમંત્રીશ્રીએ આ આગ દૂર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક કમનસીબ બાળકોના પરિવારને રૂ. ૪ લાખની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાની જાહેરાત કરી છે.
શ્રી વિજયભાઈ રૂપાણીએ આ દુર્ઘટના અંગે ઊંડુ દુ:ખ વ્યકત કરી ભોગ બનેલા બાળકોના પરિવારો પ્રત્યે સાંત્વના અને દિલસોજી પણ પાઠવી છે.